RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 200, Dt.11-11-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પાંચ લાખ સુધીના આરોગ્ય વીમા પરનો GST નાબુદ કરાશે

## જીએસટી કાઉન્સીલની આગામી બેઠકમાં મેડીકલેઈમ તથા જીવન વીમાના પ્રિમીયમમાં આમ આદમીને મોટી રાહત આપતો નિર્ણય થવાની સંભાવના

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જીએસટી કાઉન્સીલની આગામી બેઠકમાં મેડીકલેઈમ તથા જીવન વીમાના પ્રિમીયમમાં આમ આદમીને મોટી રાહત આપતો નિર્ણય થવાની સંભાવના છે. પ્રિમીયમ પર ૧૮ ટકા જીએસટી ઘટાડીને ૧૨ ટકા થઈ શકે છે.

કેન્દ્ર સરકારના સુત્રોએ કહ્યું કે જીએસટી કાઉન્સીલની અછતની બેઠક વીમા પ્રિમીયમ પરના ટેકસ ઘટાડાના મુદા પર જ કેન્દ્રીત રહેવાની સંભાવના છે. વીમા પ્રિમીયમ પર જીએસટી ઘટાડા મામલે નિમાયેલા પ્રધાન જુથ દ્વારા રીપોર્ટ સોંપી દેવામાં આવ્યો છે. પાંચ લાખ સુધીના વીમા પર જીએસટી રદ કરવા પણ સુચવ્યુ છે જયારે તેથી વધુ રકમનાં વીમા પરના પ્રિમીયમ પરનો ટેકસ ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરવાની ભલામણ છે. દેશના અનેક રાજયોએ પણ વીમા પ્રિમીયમ પર ટેકસ બોજ ઘટાડવા પર સહમતી આપી દીધી છે. જોકે અમુક રાજયોએ એવો મત દર્શાવ્યો છે કે ટેકસ સંપૂર્ણપણે હટાવી દેવામાં આવે તો સરકારની આવકને મોટુ નુકશાન થઈ શકે છે.

પાંચ લાખ સુધીનાં વીમા પરના પ્રિમીયમનો જીએસટી રદ થાય તો સરકારને ૨૧૦૦ કરોડની આવક ગુમાવવી પડશે. સતાવાર આંકડા અનુસાર ૨૦૨૨-૨૩ માં લોકોએ આરોગ્ય વીમા ક્ષેત્રે ૯૦૦૩૨ કરોડનું પ્રિમીયમ ભર્યુ હતું. તેમાં વ્યકિતગત આરોગ્ય વીમાને હિસ્સો ૩૫૩૦૦ કરોડ હતો અને ૬૩૫૪ કરોડનો ટેકસ વસુલાયો હતો.

પ્રધાન જુથ દ્વારા જીએસટી દરોને તર્કસંગત બનાવવાના પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૫,૧૨,૧૮ અને ૨૮ ટકાના ચાર સ્લેબ છે તે ઘટાડવાની દિશામાં પણ વિચારણા છે. ઘણા રાજ્યો એ વાતની તરફેણમાં છે કે સામાન્ય નાગરિકને ભવિષ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આરોગ્ય અને જીવન વીમો મળે, જેના પર સરકારે લોકો પાસેથી ટેકસ વસૂલવો જોઈએ નહીં. પરંતુ કેટલાક રાજ્યોની દલીલ છે કે ૠજઝ ને સંપૂર્ણ રીતે હટાવવાથી રાજ્યોને આવકની દ્રષ્ટિએ નુકસાન થશે. ૫ લાખ સુધીના વીમા પર ૠજઝ હટાવવાથી આશરે ૨૧૦૦ કરોડ રૂપિયાની આવકને અસર થવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ૫ લાખ રૂપિયાથી વધુના વીમા પર જીએસટી દર ઘટાડવા માટે મધ્યમ માર્ગ શોધી શકાય છે. આરોગ્ય





અને જીવન વીમા દ્વારા જીએસટીના રૂપમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની તિજોરીમાં જંગી નાણા જતા હોવાથી સરકારને મોટી કમાણી થાય છે. ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમ આશરે રૂ. ૯૦,૦૩૨ કરોડ હતું, જેમાં વ્યકિતગત આરોગ્ય વીમા પ્રીમિયમનું યોગદાન રૂ. ૩૫,૩૦૦ કરોડ હતું. હવે જો વર્તમાન ૧૮ ટકા જીએસટી દરને તેમાં ઉમેરવામાં આવે તો વ્યકિતગત પ્રીમિયમમાંથી રૂ. ૬,૩૫૪ કરોડનો ટેક્સ વસૂલવામાં આવ્યો હતો. તેથી, અંતિમ નિર્ણય લેતા પહેલા તમામ પરિસ્થિતિઓનો અભ્યાસ કરવામાં આવશે.હાલમાં દેશમાં જીએસટીના ચાર સામાન્ય કર દર અથવા સ્લેબ છે, જેમાં ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાનો સમાવેશ થાય છે. ગયા મહિને, બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીની અધ્યક્ષતામાં નવા રચાયેલા પ્રધાનોના જૂથની બેઠક યોજાઈ હતી, જેમાં તેમણે કહ્યું હતું કે ૠજઝ દરને તર્કસંગત બનાવવા અંગે અંતિમ નિર્ણય લેતા પહેલા વધારાની ચર્ચા કરવામાં આવશે. જૂથને સંખ્યાબંધ સૂચનો મળ્યા છે, જેના પર વિચાર કરવામાં આવી રહ્યો છે. તમામ પક્ષોના સૂચનોના આધારે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

# જસ્ટિસ સંજીવ ખન્ના દેશના ૫૧મા CJI બન્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જસ્ટિસ સંજીવ ખન્ના દેશના નવા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમને પદના શપથ લેવડાવ્યા હતા . જસ્ટિસ ખન્ના દેશના ૫૧માં ચીફ જસ્ટિસ છે.



તેમનો કાર્યકાળ ૧૩ મે ૨૦૨૫ સુધી એટલે કે લગભગ ૬ મહિનાનો રહેશે. તેઓ ચૂંટણી બોન્ડ યોજનાને સમાપ્ત કરવા અને કલમ ૩૭૦ નાબૂદ કરવા જેવા ઘણા ઐતિહાસિક નિર્ણયોનો ભાગ રહ્યા છે.

જસ્ટિસ સંજીવ ખન્નાએ દિલ્હીની મોડર્ન સ્કૂલ અને સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. દિલ્હી યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી મેળવ્યા પછી, તેમણે ૧૯૮૩માં તીસ હજારી કોર્ટ, દિલ્હીમાં કાયદાની પ્રેક્ટિસ શરૂ કરી.તેઓ ૨૦૦૫માં દિલ્હી હાઈકોર્ટના જજ બન્યા હતા. જાન્યુઆરી ૨૦૧૯માં તેમને સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ફોજદારી, સિવિલ, ટેક્સ અને બંધારણીય કાયદાઓમાં મહાન નિષ્ણાત માનવામાં આવે છે.

જસ્ટિસ સંજીવ ખન્ના એક પ્રતિષ્ઠિત પરિવારમાંથી આવે છે. તેમના પિતા દેવ રાજ ખન્ના દિલ્હી હાઈકોર્ટના જજ હતા. તેમના કાકા જસ્ટિસ હંસ રાજ ખન્ના હતા, જે દેશના સૌથી પ્રતિષ્ઠિત ન્યાયાધીશોમાંના એક હતા. જસ્ટિસ એચઆર ખન્નાએ ૧૯૭૬માં ઈમરજન્સી દરમિયાન સરકાર વિરુદ્ધ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ૫ જજની બેંચમાં તે એકમાત્ર જજ હતા જેમણે કહ્યું હતું કે કટોકટી દરમિયાન પણ નાગરિકોના વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારને ખલેલ પહોંચાડી શકાતી નથી.એવું માનવામાં આવે છે કે, આ કારણોસર તત્કાલિન ઈન્દિરા ગાંધીએ તેમના બદલે તેમનાથી જુનિયર જજને ચીફ જસ્ટિસ બનાવ્યા હતા. આ પછી જસ્ટિસ એચઆર ખન્નાએ રાજીનામું આપી દીધું હતું.

# બે દિવસ બાદ લગ્નસરા ની મોસમ ખીલશે : ૪૮ લાખ લગ્નો : ૬ લાખ કરોડનો બિઝનેસ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કારતક મહિનાની શુક્લ એકાદશી કે જેને દેવઉઠી એકાદશીના નામે ઓળખવામાં આવે છે, તેનું ખૂબ જ મહત્વ રહેલું છે. કારણ કે દેવપોઢી એકાદશીના ચાર મહિના બાદ દેવઉઠી એકાદશીના દિવસે જગતના પાલનહાર ભગવાન વિષ્ણુ નિંદ્રામાંથી જાગે છે અને આ દિવસથી જ લગ્ન, મુંડન સંસ્કાર અને સગાઈ સહિત તમામ શુભ કાર્યોનો પ્રારંભ થાય છે. હવે દેવુથની એકાદશીથી શુભ કાર્યો ફરી શરૂ થશે. કારતક માસના શુક્લ પક્ષની એકાદશીને દેવ પ્રબોધિની, દેવઉઠી અને દેવોત્થાન એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. દેવઉઠી એકાદશી ૧૨ નવેમ્બરે ઉજવવામાં આવશે.દેવઉઠી એકાદશી બાદ તમામ શુભ કાર્યની શરૂઆત થાય છે. આ વર્ષે ૧૭ નવેમ્બરથી લગ્નના શુભ મુર્હુત શરૂ થઈ રહ્યા છે. નવેમ્બર મહિનામાં ૧૭ તારીખથી લગ્નના શુભ મુર્હુતની શરૂઆત થશે જે ૨૭ તારીખ સુધી છે. જયારે ડિસેમ્બર મહિનામાં ૧ તારીખથી લઈને ૬ તારીખ સુધી તેમજ ૯ તારીખથી લઈને ૧૪ તારીખ સુધી શુભ મુર્હુત છે. જાન્યુઆરી માસના ૧૬ તારીખથી લઈને ૩૦ તારીખ સુધી લગ્ન માટેના શુભ મુર્હુત છે. અંતે ફેબ્રુઆરી મહિનામાં ૧ થી ૨૫ તારીખ સુધી લગ્ન માટેના શુભ મુર્હુત છે. વધતી જતી મોંઘવારીને કારણે શ્નઝક્દ્ધ ફેરાથ સમારોહ ૨૫ ટકા મોંઘો થયો છે પરંતુ મંગળવારથી દેવોત્થાન (દેવુથની) એકાદશીથી શરૂ થતી લગ્નસરાની સીઝનને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વેડિંગ ડેસ્ટિનેશન, ફૂડ અને ડેકોરેશન મોંઘા હોવા છતાં લગ્નની તૈયારીઓ અને જાહોજલાલી હજુ પણ અકબંધ છે. ખર્ચ ઘટાડવા માટે, લોકો ચોક્કસપણે ગેસ્ટ લિસ્ટ અને મેનુમાં થોડો કટ કરી રહ્યા છે. દેશભરના લગ્નો પર નજર કરીએ તો આવનારા બે મહિનામાં ૪૮ લાખથી વધુ લગ્ન થશે. આ લગ્નો પર ૬ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થવાનો અંદાજ છે. મિડલ ક્લાસથી લઈને એલિટ ક્લાસ સુધીના લોકો પણ પોતાના બજેટ પ્રમાણે ડેસ્ટિનેશન પસંદ કરી રહ્યા છે અને લગ્નને ભવ્ય બનાવવા માટે ઈવેન્ટ મેનેજમેન્ટનો સહારો લઈ રહ્યા છે. આ પછી ભોજન, સોશિયલ મીડિયા, કપડાં અને સંગીત પર સૌથી વધુ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. દેવુથની એકાદશીથી શરૂ થતા વર્ષમાં લગ્ન માટે કુલ ૫૯ શુભ મુહૂર્ત છે. જે ભોજન સામાન્ય લગ્નમાં ૫૦૦ થી ૯૦૦ રૂપિયા પ્રતિ થાળીમાં મળતું હતું તે હવે ૧૨૦૦ થી ૧૭૦૦ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ખર્ચ ઘટાડવા માટે ૧૫૦૦ થી ૨૦૦૦ ના બદલે માત્ર ૮૦૦-૧૦૦૦ મહેમાનોને બોલાવવામાં આવી રહ્યા છે. લોકો અલગ-અલગ શહેરોમાં બે ઈવેન્ટનું



આયોજન કરીને ખર્ચમાં પણ ઘટાડો કરી રહ્યા છે.ઈન્દોરના વેડિંગ મેનેજમેન્ટ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ સિઝનમાં ગાર્ડન હોટલના દરમાં ૧૦ ટકાનો વધારો થયો છે જયારે બેન્ડ બાજા અને ઘોડીની ન્યૂનતમ કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે.

પહેલા બેન્ડ રૂ. ૫૦૦૦ થી રૂ. ૫૧૦૦૦ સુધી ઉપલબ્ધ હતા પરંતુ હવે તે રૂ. ૧૧૦૦૦ થી શરૂ થઈ રહ્યા છે. ઘોડીનું લઘુત્તમ ભાડું પણ ૨૧૦૦ રૂપિયાથી વધારીને ૩૧૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે.

અગાઉ ઘરના વડીલો પરંપરાગત વાનગીઓનું મેનુ નક્કી કરતા હતા. હવે યુવાનો અને મહિલાઓની પસંદગી સર્વોપરી બની ગઈ છે. પરંપરાગત ભોજનની સાથે ચાટ, જાપાનીઝ, કુરિયન, ઓરિએન્ટલ, ઈટાલિયન, મેક્સિકન, ચાઈનીઝ, તુર્કીશ વાનગીઓને મલ્ટી કુઝીન મેનુમાં પસંદ કરવામાં આવી રહી છે.

# રાજસ્થાનની સરકારી કોલેજો હવે સફેદ અને ભગવા રંગોમાં રંગવામાં આવશે

## કાયાકલ્પ યોજના હેઠળ, કોલેજોમાં શાંતિપૂર્ણ વાતાવરણ બનાવવા માટે આ નિર્ણય લેવાયોઃ સરકારનો દાવો

**મુખ્ય સમાચાર,જયપુર**

રાજસ્થાનની સરકારી કોલેજો હવે સફેદ અને ભગવા રંગોમાં રંગવામાં આવશે. રાજ્યનાં એજ્યુકેશન કમિશનરેટે તેનાં આદેશો જારી કર્યા હતાં જેમાં કોલેજ બિલ્ડીંગના આગળનાં વિસ્તાર અને એન્ટ્રી પોઈન્ટને વ્હાઈટ ગોલ્ડ-૮૨૯૨ અને ઓરેન્જ ક્રાઉન-૭૯૭૪ કલરથી રંગવાનું રહેશે. આટલું જ નહીં, બિલ્ડિંગને પેઈન્ટિંગ કર્યા પછી, કોલેજોએ સાત દિવસમાં તેનો ફોટો કોલેજ કમિશનરેટના ઈમેલ આઈડી પર મોકલવાનો રહેશે.

યોજનાનાં પ્રથમ તબક્કામાં કુલ ૨૦ સરકારી કોલેજોને રંગવામાં આવશે, જેમાં દરેક વિભાગમાંથી ૨-૨ કોલેજો લેવામાં આવશે. રાજ્ય સરકારનાં આ નિર્ણય પર કોંગ્રેસે સવાલો ઉઠાવ્યાં છે.

રાજ્ય સરકારનું કહેવું છે કે, કોલેજોમાં શાંતિપૂર્ણ વાતાવરણ સર્જવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં કેમ્પસના મુખ્ય દરવાજાને કેસરી રંગથી રંગવામાં આવશે. કોલેજ કમિશનરેટે તેને પકાયાકલ્પ યોજનાથ નામ આપ્યું છે. વિપક્ષ કોંગ્રેસે રાજ્ય સરકારનાં આ પગલાની ટીકા કરી હતી અને તેને શૈક્ષણિક સંસ્થાઓનું રાજકીયકરણ કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો. પકાયકલ્પથ યોજના એ દેશમાં જાહેર આરોગ્ય સુવિધાઓમાં સફાઈ, સ્વચ્છતા અને ચેપ નિયંત્રણને પ્રોત્સાહન આપવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની રાષ્ટ્રીય પહેલ છે.

કોલેજ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના જોઈન્ટ ડાયરેક્ટર વિજેન્દ્ર કુમાર શર્માએ ગયાં મહિને આ અંગે આદેશ જારી કર્યો હતો. આ અંતર્ગત કોલેજોના આગળનાં ભાગ અને પ્રવેશ હોલનો રંગ પવ્હાઈટ ગોલ્ડથ અને પઓરેન્જ ક્રાઉનથ હશે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે, પકોલેજો ઉચ્ચ શિક્ષણનાં મુખ્ય કેન્દ્રો છે. કોલેજનું શૈક્ષણિક વાતાવરણ એવું હોવું જોઈએ કે તેઓ કોલેજમાં પ્રવેશતાની સાથે જ હકારાત્મક અનુભવે આપે. ઉચ્ચ શિક્ષણ અંગે સમાજમાં સારો સંદેશો આપવો જોઈએ અને તેથી કોલેજોમાં સ્વચ્છ, સ્વસ્થ અને શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા માટે કોલેજોને રંગવી જોઈએ.



કોંગ્રેસનાં પ્રદેશ મહામંત્રી સ્વર્ણિમ ચતુર્વેદીએ આ અંગે ભાજપ સરકાર પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે આ કોલેજોમાં શિક્ષણનું પરાજકીયકરણથ કરવાનો પ્રયાસ છે. તેમણે કહ્યું કે ભાજપ સરકાર લોકોને આપેલાં ચૂંટણી વચનો પૂરા કરવામાં નિષ્ફળ રહી છે. સરકાર પાસે તેની સિદ્ધિઓ બતાવવા માટે કઈ નથી તેથી તે ધ્યાન હટાવવા માટે આવા પગલાનો આશરો લઈ રહી છે.

# મહાકુંભને લઈને કરોડો શ્રધ્ધાળુઓની સુરક્ષા માટે જલ પોલીસ અત્યાધુનિક સાધનોથી સજજ રહેશે

## મહાકુંભમાં પહેલીવાર સ્નાનાર્થીઓ માટે ઈમરજન્સીમાં હાઈટેક જેટ સ્કી તૈનાત રહેશે

**મુખ્ય સમાચાર,પ્રયાગરાજ**

આગામી ૨૦૨૫ માં યોજાનાર મહાકુંભને લઈને કરોડો શ્રધ્ધાળુઓની સુરક્ષા માટે આ વખતે જલ પોલીસ અત્યાધુનિક સાધનોથી સજજ રહેશે.સ્નાન દરમ્યાન કોઈપણ પ્રકારની અપ્રિય ઘટનાને રોકવા માટે પહેલીવાર જલ પોલીસને નાના જહાજ તરીકે ઓળખાતા જેટ સ્કીથી સજજ કરવામાં આવી રહ્યા છે.



આ હાઈટેક જેટ સ્કી આંખના પલકારામાં જ ક્યાંય પણ પહોંચવામાં સક્ષમ છે. જલપોલીસનાં ઈન્ચાર્જ જનાર્દન પ્રસાદ સાહનીએ જણાવ્યું હતું કે ૨૫ હાઈટેક જેટ સ્કીની માંગ કરાઈ છે. જે ડીસેમ્બર સુધીમાં પોલીસમાં સામેલ થઈ જશે. આ જેટ સ્કી ખૂબ જ દુર પર સ્નાનાર્થીઓની મદદમાં મિનિટોમાં પહોંચીને તેને બચાવવામાં સક્ષમ રહેશે.સૌથી ખાસ વાત એ છે કે તેની ઝડપ કલાકનાં ૭૦ કિલોમીટર છે. જેટ સ્કીમાં એક શકિતશાળી એન્જીન લગાવાયેલુ હોય છે. તે પાણીને અંદર ખેંચે છે અને એ સાથે જ બહાર ફેંકે છે. મહાકુંભમાં જરૂરીયાતના હિસાબે તે ઘણુ કારગર સાબિત થશે. આ જેટ સ્કીમાં એક સાથે ત્રણ લોકો સફર કરી શકે છે. ઈમરજન્સીમાં તેનો ચાલક ત્વરીત ગતિથી ઘટનાસ્થળે પહોંચીને ઓછામાં ઓછા બે લોકોને સુરક્ષીત કરવામાં સક્ષમ સાબિત થશે.

# કાલે મધ્યરાત્રીથી ગિરનારની ૩૬ કિ.મી.ની લીલી પરિક્રમાનો પ્રારંભ

## ભવનાથમાં અન્નક્ષેત્રો શરૂ : ભારે ધસારો થતા યાત્રા વ્હેલી શરૂ કરાવવી પડે એવી સ્થિતિ : લીલી વનરાઈઓ, ખળખળ વહેતી નદી, ઝરણા, પાણીઓના કલરવ વચ્ચે જંગલમાં થશે મંગલ : ચુસ્ત વ્યવસ્થા

**મુખ્ય સમાચાર,જુનાગઢ**

જય ગિરનારીના નાદ સાથે આવતીકાલે રાત્રીના દેવઉઠી અગિયારસથી વિધીવત રીતે ગિરનારની પાવનકારી ૩૬ કિ.મી.ની લીલી પરિક્રમાનો પ્રારંભ કરવા તૈયારીઓ થઈ ચુકી છે. યાત્રીકોનું છેલ્લા બે દિવસથી ભવનાથ તળેટી તરફ પ્રયાણ થઈ રહ્યું છે.

હાલ દિવાળી પૂર્ણ થયા બાદ વરૂણદેવે વિરામ લીધો છે. ગિરનાર જંગલની લીલીછમ વનરાઈઓથી જંગલ સોળે કળાએ ખીલી ઉઠયું છે. નદી, નાળા, વોંકળા, વહેતા ઝરણા ખળખળ વહી રહ્યા છે. પક્ષીઓના મીઠા કલરવથી જંગલ મીઠા સંગીત સાથે ગુંજી રહ્યું છે. સમાજની આધિ-વ્યાધિ-ઉપાધિને છોડી જીવ શિવ સાથે જોડાવવા ૫ દિવસ પાવનકારી પરિક્રમામાં લાખોની સંખ્યામાં ભાવિકો અહીં આવી રહ્યા છે.

ગિરનાર પરિક્રમાનો ૩૬ કિ.મી.નો રસ્તો માત્ર વર્ષમાં પરિક્રમા માટે જ ખુલ્લો રહે છે. અભ્યારણનો રૂટ આમ જનતા માટે કાયમી બંધ રહે છે. નદીનાળા છલોછલ ભરેલા છે. પરિક્રમામાં લીલી વનરાઈઓ ખીલી ઉઠી છે. ઢાળવાળા ચડાણ, ઉતરાણ તેમજ સાંકડા રોડ, કાચા રસ્તાઓને રીપેરીંગ કરી વન વિભાગે રૂપાયેતનથી લઈ બોરદેવી સુધીના લાખોના ખર્ચે રીપેરીંગ કરી પગપાળા યાત્રિકોને મુશ્કેલી ન પડે તે રીતે રીતે મઢવામાં આવ્યા છે.

આવતીકાલે ૧૨ના ટકોરે રાત્રીના જય ગિરનારીના નાદ સાથે બંદુકના ધડાકે ગિરનાર પરિક્રમા શરૂ થનાર છે. તે પહેલા લાખોની સંખ્યામાં રૂપાયેતન ગેઈટ અને ભવનાથ તળેટીમાં યાત્રીકો માથે પોટલા લઈને આવી પહોંચ્યા છે. તેઓની જઠરાગ્નિને શાંત કરવા ભવનાથમાં અનેક સાર્વજનીક અન્નક્ષેત્રો નિ:શુલ્ક શરૂ થઈ ચુકયા છે.

હરિહરનો સાદ ઠેર ઠેર પોકાર પડી રહ્યા છે. ગિરનાર જંગલના રૂટ પર અન્નક્ષેત્રો પણ અંતિમ ઓપ આપી પોતાનો માલ સામાન પહોંચાડી ચુકયા છે. શનિ-રવિની રજાઓના કારણે ભવનાથ તળેટી અને પરિક્રમા રૂટ પર મોટી સંખ્યામાં ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. આ માનવ પ્રવાહને રોકવા મુશ્કેલ બની રહ્યો છે. ગમે ત્યારે વન વિભાગ જંગલમાં પ્રવેશ આપવા મજબુર બને તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

જુનાગઢ પાણી પુરવઠા બોર્ડ અને વન વિભાગ દ્વારા ૩૬ કિ.મી.ના રૂટ પર ૩૨ ટાંકીઓ મુકવામાં આવી છે. વન વિભાગ દ્વારા પરિક્રમા રૂટ પર ૧૭ બોર દ્વારા વિવિધ સ્થળોએ નળ કનેકશન આપવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે નદી નાળા, ઝરણા છલોછલ ભરેલા છે ચેકડેમો પણ છલોછલ ભરેલા છે. છતાં પણ ૩૬ કિ.મી.ની જીણાબાવાની મઢી, કાલકા માતાજીના વડલો, સરકડીયા હનુમાનજીના રસ્તે, માળવેલા મળી કુલ ૧૫ તથા બોરદેવી મંદિર, નળ પાણીની ઘોડી, ત્રણ રસ્તે મળી કુલ ૭ જગ્યાએ સહિત ૧૪ ટાંકી પાણીની મુકવામાં આવી છે. સુરજકુંડ, હનુમાનજી મંદિર સહિત કુલ ૩૨ પાણીની ટાંકી મુકવામાં આવી છે. ૫ હજાર લીટરની ટાંકીઓને ટ્રેકટરથી ભરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

૩૬ કિ.મી.ની આ કપરી અભ્યારણ્ય યાત્રામાં ૨૩ કિ.મી.ના રસ્તે ટોર્ચનો સહારો લેવો પડે છે. બાકીના ૧૩ કિ.મી.માં લાઈટીંગ વ્યવસ્થા હોય છે. રાત્રીના અંધકારમાં જંગલમાં પરિક્રમા કરવાની હોય છે. લાઈટીંગ વ્યવસ્થા માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ જેમાં બોરદેવી ત્રણ રસ્તા, નળપાણીની ઘોડી, મોરા પાણી વિસ્તાર, જીણાબાવાની મઢી, માળવેલા વિસ્તારમાં ૧૦ કેવી સુધીના તથા પોર્ટેબલ મળી કુલ ૯ જનરેટર મુકાયા છે. તેમાંથી અંદાજીત ૨૭૦ લાઈટોનો પ્રકાશ થઈ શકશે. ૩૦ થી ૪૦ મીટરના અંતરે એક એક લાઈટ ગોઠવવામાં આવી છે. અંધારામાં સિંહ, દિપડા સહિતના હિંસક પ્રાણીઓનો ભય પણ રહેતો હોય છે. ટોર્ચ, મોબાઈલની બેટરી તેમજ એક બીજાના સહારે રાત્રી કાઢવાની હોય છે. પાર્કિંગ સ્થળો નકકી કરાય છે. જાહેર પાર્કિંગ સ્થળોમાં તમામ પ્રકારના વાહનો માટે નીચલા દાતાર પાસેની ખુલ્લી જગ્યા અને ટુ વ્હીલરના વાહનો માટે જીલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસ સામેની જાહેર પાર્કિંગ વ્યવસ્થા કરાઈ છે. ઉપરાંત તમામ પ્રકારના વાહન માટે પ્રાઈવેટ વાહન પાર્કિંગના



સ્થળોમાં શશીકાંતભાઈ દવેની વાડી (મજેવડી દરવાજાથી ભરડાવાવ રોડ, જીલ્લા જેલની વાડી) ભાગમંદ ઉર્ફે કાળુભાઈ મહાસાગરવાળાની વાડી જમીન મજેવડી દરવાજાથી ભવનાથના તરફના રસ્તે અને પાંજરાપોલ ગૌશાળા ફાયર બ્રિગેડની દાતાર રોડ ખાતે વાહન પાર્કિંગ રહેશે. આ જાહેરનામું આગામી તા. ૧૫-૧૧-૨૪ સુધી અમલમાં રહેશે.

# મંત્રી કુંવરજીભાઈના હસ્તે જસદણના રામળીયા ગામમાં પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત

## ૨૭ લાખના ખર્ચે બનનારા આરોગ્ય કેન્દ્રથી આસપાસના ગામોના ૧૦ હજાર લોકોને મળશે આરોગ્યની સુવિધા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે આજે જસદણ તાલુકાના રામળીયા ખાતે પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પેટા આરોગ્ય કેન્દ્રથી રામળીયા ગામની સાથે ગઢડિયા જામ, ખડવાવડી સહિતના ગામોના આશરે ૧૦ હજારથી વધુ લોકોને આરોગ્યલક્ષી સુવિધા મળશે.

મંત્રી શ્રી કુંવરજીભાઈએ આ પ્રસંગે આયોજિત જનસભાને સંબોધતા કહ્યું હતું કે, આરોગ્ય, શિક્ષણ, તથા સિંચાઈના કામોમાં જસદણ વિછીયા પંથક સમગ્ર જિલ્લામાં અવ્વલ છે.

તેમણે કહ્યું હતું કે, આશરે રૂ. ૨૭ લાખના ખર્ચે તૈયાર થનારા આ આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સ્તરની તમામ આરોગ્ય સારવાર મળશે. જેના કારણે ગામના લોકોને દવા તેમજ પ્રાથમિક સારવાર માટે અન્ય ગામમાં ધક્કા ખાવાની જરૂર નહીં પડે. આગામી છ માસમાં જ આ કેન્દ્ર તૈયાર થઈ જશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે, લોકો બીમાર જ ના પડે તેવું માર્ગદર્શન અને સેવા આપતું હેલ્થ તેમજ વેલનેસ સેન્ટર પણ અહીં બનાવવામાં આવશે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે જસદણ તાલુકાના ૫૯ ગામોમાંથી ૫૦ જેટલા ગામોમાં સામુદાયિક તથા જન આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્ર સહિતની આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. જે રાજકોટ જિલ્લાના અન્ય તાલુકાઓ કરતા સૌથી વધુ છે. જસદણ તાલુકામાં આગામી દિવસોમાં નવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે. જસદણ – વિંછીયા તાલુકામાં આરોગ્ય કેન્દ્રમાં લગભગ તમામ સ્ટાફ પણ ભરાયેલો છે.

જસદણ પંથકમાં શિક્ષણની સુવિધામાં થયેલા વધારા વિશે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં સૌથી વધુ સરકારી હાઈસ્કુલો તેમજ હાયર સેકન્ડરી સ્કૂલો જસદણ પંથકમાં છે. રાજ્યમાં સૌથી વધુ સીમ શાળા પણ જસદણ વિસ્તારમાં છે. હાલમાં જ રાણીપર ગામમાં એક હાઈસ્કુલ મંજૂર કરવામાં આવી છે. જેના કારણે ગામની દીકરીઓને અભ્યાસ માટે બહાર જવું નહીં પડે. જસદણ-વિંછીયા તાલુકામાં રસ્તાઓની સુવિધા પણ ખૂબ સારી હોવાનું તેમણે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજકોટ જિલ્લામાં છેલ્લા દોઢ વર્ષમાં સિંચાઈના સૌથી વધુ કામો જસદણ વિંછીયા પંથકમાં થયા છે. છેલ્લા દોઢ વર્ષમાં આ પંથકમાં સૌથી વધુ તળાવ ઊંડા કરવામાં આવ્યા છે. ઉપરાંત આ પંથકમાં હજુ વધુ સુવિધાઓ આપવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગત ઉનાળામાં રામળીયાનું ગામ તળાવ ઊંડું કરવામાં આવ્યું હતું. સારા વરસાદથી આ તળાવ આજે છલોછલ ભરાઈ ગયું છે. જેના કારણે ખેડૂતોને શિયાળુ પાક માટે પણ પાણી મળી શકશે.

તેમણે કહ્યું હતું કે, જસદણ વિછીયા પંથકમાં જળસંચયના કામોથી ખેતીને વધુ પાણી મળતા ખેડૂતો સમૃદ્ધ થશે. શિક્ષણની સારી સુવિધાથી આવનારી પેઢી શિક્ષિત થશે અને સમૃદ્ધ થશે. ઉપરાંત આરોગ્યની સારામાં સારી સુવિધાઓથી લોકોની તંદુરસ્તી અને સુખાકારી વધશે.


આ તકે તાલુકા આરોગ્ય અધિકારી ડોક્ટર સી. કે. રામે જણાવ્યું હતું કે, ૧૯૯૮માં એક સમયે જસદણ – વિંછીયા પંથકમાં માત્ર પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ બે સામૂહિક આરોગ્ય કેન્દ્ર હતા. જેની સામે આજે આ સંખ્યા પંદરની છે. જસદણ તાલુકામાં આરોગ્યલક્ષી સુવિધાઓની વિગતો પણ તેમણે રજુ કરી હતી.

પેટા આરોગ્ય કેન્દ્રના ખાતમુહૂર્ત પૂર્વે જળસંપતિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ રામળીયા ગામ ખાતેના તળાવમાં આવેલા નવા નીરનું પૂજન કર્યુ હતું.

અ કાર્યક્રમમાં રામળીયા ગામના સરપંચ શ્રી મુન્નાભાઈ સીતાપરા, તાલુકા પંચાયતના સદસ્યો, આસપાસના ગામોના સરપંચો, અન્ય સામાજિક અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પુસ્તકાલયોમાં ઓક્ટોબર માસ દરમ્યાન કુલ-૪૦૯૮૬ નાગરિકોએ લીધો લાભ





**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતી પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક, શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય, વોર્ડ નંબર-૨ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, શ્રી બાબુભાઈ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઈઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી, જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ-૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એકટીવિટી સેન્ટર, નાના માવા, ચાણકય લાઈબ્રેરી, ગોવિદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોનમાં એક માસ (ઓક્ટોબર-૨૦૨૪) દરમ્યાન કુલ-૪૦૯૮૬ નાગરિકોએ લાભ લીધેલ હતો. આ એક માસ દરમ્યાન ૨૧૨ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ-૭૫૦ પુસ્તકો તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે મુકવામાં આવેલા છે. નવેમ્બર માસ દરમ્યાન ૯૯૮ મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ.

આ સુવિધાઓનો શહેરીજનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા પ્રયત્ન રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે જેનો શહેરના નાગરિકો લાભ મેળવે તેવી અપીલ કરવામાં આવે છે.

# એઈમ્સ રાજકોટ દ્વારા વાંકાનેરમાં યોજાયો નિ:શુલ્ક સર્વરોગ નિદાન મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



વાંકાનેર સાંસદ કેશરીદેવસિંહજી ઝાલાના પ્રયાસો અને એઈમ્સ રાજકોટના સહયોગ થી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

એઈમ્સ હોસ્પિટલ રાજકોટ દ્વારા સૌ પ્રથમ વખત મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં ફ્રી હેલ્થ ચેકઅપ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પને ખુબજ સરળ અને સફળ બનાવવા કેમ્પ કોઓડીનેટર એઈમ્સ હોસ્પિટલના ડો. ઉત્સવ પારેખની મહત્વની ભૂમિકા રહી હતી.

ગુજરાતની ગૌરવસમાન એઈમસ હોસ્પિટલના નિષ્ણાંત ૫૧ થી વધુ ડોકટર સાથે ટોટલ એઈમ્સ હોસ્પિટલ ના ૯૦ થી વધુ કર્મચારીઓએ સેવા આપી હતી. જેમાં જનરલ મેડિસિન હાડકા, ફેફસા, નાક, ગળા ના ડોકટરો તેમજ કેન્સર, આંખ ના ડોકટરો અને બાળરોગ,સ્ત્રીરોગ, સર્જરીવિભાગ, ચામડી, દાંત વિભાગ તેમજ એનેસ્થેસિયા વિભાગના નિષ્ણાંત ડોકટરો હાજર રહયા હતા. સાથે જ દર્દીઓને કેમ્પમાઁ લેબોરેટરી તેમજ એકસ-રે ની સુવિધાઓ મળી રહે તે માટે એઈમ્સ હોસ્પિટલના લેબોરેટરી માઈક્રોબાયોલોજી, પેથોલોજી, બાયોકેમિસ્ટ્રી વિભાગ પણ જોડાયો હતો.

એઈમ્સ હોસ્પિટલના તજજ્ઞ ડોકટરો ધ્વારા દર્દીઓનું વિનામુલ્યે સેવા સાથે નિદાન કરવામાઁ આવ્યુઁ તેમાઁ મોરબી જિલ્લાના મહા મેડિકલ કેમ્પમાં રેકોર્ડબ્રેક ૩૦૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

કેમ્પના ઉદ્દ્ઘાટન પ્રસંગે રાજકોટ એઈમ્સ તરફથી ડેપ્યુટી ડાયરેકટર ડો. કુલદીપ અને વાંકાનેર સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા તેમજ જિલ્લાના ધારાસભ્ય ને કલેકટર સહીત અનેક મહાનુભાવો અને અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટ એસટી વિભાગ દ્વારા લીલી પરિક્રમા માટે ૫૦થી વધુ વિશેષ એસટી બસ દોડાવાશે

## રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર સહિતના અનેક ગામોમાંથી પરિક્રમા માટે ખાસ બસોની વ્યવસ્થા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળીના તહેવારો દરમિયાન લોકો દ્વારા જાઝને સલામત સવારી ગણવામાં આવે છે. બસનો ઘણો ઉપયોગ થતો હતો. જેમાં રાજકોટ એસ.ટી. ડિવિઝનને લાખો રૂપિયાની કમાણી થઈ હતી. હવે જૂનાગઢમાં લીલી પરિક્રમા શરૂ થઈ છે. આ પરિક્રમા માટે જવા માટે શ્રદ્ધાળુઓને મુશ્કેલી ન પડે તે માટે રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા ૫૦ થી વધુ એસ.ટી. બસ દોડાવવામાં આવી રહી છે.

જૂનાગઢમાં લીલી પરિક્રમાનું વિશેષ મહત્વ છે. દર વર્ષે પરિક્રમા દરમિયાન ભક્તોની ભારે ભીડ જામે છે. સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાંથી લોકો લીલી પરિક્રમા કરવા જૂનાગઢ પહોંચે છે, જેથી રાજ્ય એસટી નિગમ દ્વારા વિવિધ જિલ્લાના એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસોનું સંચાલન કરવામાં આવે છે. ત્યારે રાજકોટ એસટી વિભાગ દ્વારા વધારાની બસોની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

રાજકોટ એસ.ટી. વિભાગના સત્તાધિશોના જણાવ્યા અનુસાર લીલી પરિક્રમાને ધ્યાનમાં રાખીને રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર સહિતના અનેક ગામોમાંથી પરિક્રમા માટે ખાસ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. એસ.ટી. વિભાગ દ્વારા ૫૦ થી વધુ બસો દોડાવવામાં આવી રહી છે. એસ.ટી. વિભાગે એવી રીતે આયોજન કર્યું છે કે જ્યારે પણ ૪૦ થી ૫૦ મુસાફરો હોય ત્યારે બસ રવાના કરવામાં આવે. એટલે કે એસ.ટી. ગમે ત્યારે પરિક્રમા માટે બસ મળી શકે તે માટે બસ સ્ટેન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. તહેવાર દરમિયાન એસ.ટી. વિભાગને રૂટીન કરતા ૧૦ થી ૧૫ લાખ વધુ આવક થઈ છે.

# આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કેમિટીની બેઠક

## કરોડોના વિકાસ કામોને અપાશે મંજૂરીઃ કુલ ૫૩ દરખાસ્તો મુકાઇ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન જયમિન ઠાકરની અધ્યક્ષતામાં મળશે. જેમાં નવા કરોડોના વિકાસ કામોને લીલીઝંડી અપાશે. નોંધનીય છે કે, ધનતેરસ બાદ તુરતમાં ફરી એકવાર આ બેઠક મળી રહી છે. કુલ બેઠક સમક્ષ ૫૩ દરખાસ્ત રજૂ કરાઈ છે. જેમાં રોડ-રસ્તાના કામો મુખ્ય છે. વધુમાં પ્રદ્યુમનપાર્ક ખાતે નાઈટ શેલ્ટર થતા ચેક ડેમ બનાવવાના કામ અંગે નિર્ણય લેવાશે.

# રાજકોટમાં લગ્નસરાની સીઝન શરૂ થવાના આરે છતાં મનપાનું એક જ કોમ્યુનિટી હોલ ખુલ્લો

## અનેક પરિવારોને પ્રસંગ ઉકેલવા મુશ્કેલ બનશેઃ અગ્નિકાંડ બાદ તંત્રને ફાયર સેફ્ટી યાદ આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા ૧૯ કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે. જેમાં ઓછા ભાડેથી લોકો પોતાના પારિવારિક પ્રસંગો ઉકેલી શકે છે. જોકે હાલમાં લગ્નસરાની સીઝન શરૂ થવાના આરે છે, છતાં મનપાના એક સિવાય તમામ કોમ્યુનિટી હોલને ફાયર સેફ્ટીના કારણે તાળા લાગેલા છે. અગ્નિકાંડ બાદ જાગેલા તંત્રની કામગીરીથી ગરીબ અને મધ્યમ વર્ગ હેરાન પરેશાન છે. અનેક પરિવારોને પ્રસંગ ઉકેલવા મુશ્કેલ બને તેમ છે. ખાસ કરીને મામુલી ભાડાથી ગરીબ અને મધ્યમ પરિવારોના પ્રસંગો નિપટાવતા લગ્ન હોલને છેલ્લા પાંચ માસથી તાળા લાગી જતાં તા. ૧૨ નવેમ્બર બાદ શરૂ થતી લગ્નસરાની સૌથી મોટી સીઝનમાં શહેરના ૫,૦૦૦ કરતા વધુ પરિવારો ખાનગી હોલ કે પાર્ટી પ્લોટમાં મસમોટા ભાડા ચૂકવવા મજબુર બન્યા છે. પ્રાપ્ત વિગત મુજબ, ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટીના સાધનો ફીટ કરાવવા માટે માત્ર અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ સિવાય તમામ હોલને બંધ રાખવામાં આવ્યા છે. હવે લગ્નસરાની સીઝન શરૂ થવાના આરે છે. લગ્ન પ્રસંગ માટે હોલ બંધ રહેતા ગરીબ અને મધ્યમ વર્ગને મુશ્કેલી પડશે. ફક્ત એક અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલમાં આજથી આગામી તા.૭ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી અત્યાર સુધીમાં લગ્ન પ્રસંગ માટે ૮૭ બુકિંગ થયા છે. હજુ પણ આ બુકિંગના આંકડામાં વધારો થઈ શકે છે. જ્યારે બાકીના હોલ હજુ પણ બંધ રાખવામાં આવ્યા છે. જોકે, શક્ય તેટલી ઝડપી હોલને ખુલ્લા મુકવા માટે પ્રયાસ ચાલતા હોવાનો બચાવ સ્ટેન્ડિંગ ચેરમેને કર્યો છે.

અગ્નિકાંડ સમયે પણ આ હોલમાં થયેલા અનેક બુકિંગો સુરક્ષાના બહાના હેઠળ રદ કરવામાં આવ્યા હતાં અને હવે લગ્નની સિઝન શરૂ થઈ રહી છે. જેમાં આ વર્ષે સૌથી વધુ મુરત હોય અનેક પરિવારોએ પોતાના સંતાનોના લગ્ન તેમજ સગાઈ સહિતના પ્રસંગો માટે હોલબુક કરાવવા માટે ઓનલાઈન એપ્લિકેશન ખોલી રહ્યા છે. જેમાં ફક્ત અભયભાઈ ભારદ્વાજ કોમ્યુનિટી હોલનું નામ ખુલે છે. ફક્ત એક હોલનું બુકિંગ ૯૦ દિવસ પહેલા કરવામાં આવે તો પણ ૫,૦૦૦થી વધુ પરિવારો પોતાના પ્રસંગો એક હોલમાં ઉજવી શકે નહીં. આથી દરરોજ એપ્લિકેશનમાં હોલનું બુકિંગ નહીં ખુલતા મનપાના એસ્ટેટ વિભાગમાં લોકો ફોન કરીને લગ્ન હોલ ક્યારે ખુલશે તેવી પૂછપરછ કરી રહ્યા છે. જોકે, ચોક્કસ સમય એસ્ટેટ વિભાગ પાસે પણ નથી. મહાનગરપાલિકાના લગ્ન હોલમાં પણ ફાયર સેફ્ટીના સાધનો નહીં હોવાનું ખુલ્યું હતું. જેને પગલે રહી રહીને મનપાએ ૧૮ કોમ્યુનિટી હોલમાં ફાયર સેફ્ટીના સાધનો લગાવવા માટે ટેન્ડર પ્રક્રિયા કરી હતી. પરંતુ સમયસર



કામગીરી પૂર્ણ નહીં થતાં છેલ્લા પાંચ માસ દરમિયાન યોજાતા તમામ પ્રસંગો પરિવારોએ મોંઘાભાડા ચૂકવીને ખાનગી હોલમાં કરવાની ફરજ પડી હતી. હજુપણ આ કામગીરી ચાલુ હોવાથી આગામી સિઝનમાં પણ લાભ મળવાની શક્યતા ઓછી છે. એસ્ટેટ વિભાગમાંથી પ્રાપ્ત વિગત મુજબ તમામ કોમ્યુનિટી હોલમાં ફાયર સેફ્ટીના સાધનો ફીટ કર્યા બાદ ફાયર એનઓસી મેળવી એસ્ટેટ વિભાગને કોમ્યુનિટી હોલ સોંપવામાં આવશે. બાદમાં બુકિંગ પ્રક્રિયા શરૂ થઈ શકે તેમ છે.

# રાજકોટમાં ટેકાના ભાવે મગફળી સહિતની જણસીની ખરીદી શરુ, જિલ્લાભરમાંથી ખેડૂતો મગફળી વેચવા આવ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર રાજ્યભરમાં આજથી ટેકાના ભાવે મગફળી, અડદ, મગ અને સોયાબીન સહિતની જણસીની ખરીદીની શરૂઆત કરવામાં આવી છે. ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીના પ્રતિ ૨૦ કિલો ૧૩૫૬ રૂ. જાહેર કરવામાં આવ્યા છે. ત્યારે રાજકોટ જુના માર્કેટિંગ યાર્ડ ખાતે લોધીકા તાલુકો, કોટડા સાંગાણી તાલુકો તેમજ રાજકોટ તાલુકાના ખેડૂતો મગફળી વેચવા માટે આવ્યા હતા.

ઓપન માર્કેટમાં ખેડૂતોને મગફળીના રૂ. ૯૦૦થી લઈ ૧૧૫૦ તેમજ ૧૨૦૦ રૂપિયા સુધીના ભાવ મળી રહ્યા છે. જેની સરખામણીએ સરકાર દ્વારા ૧૩૫૬ જાહેર કરતા ખેડૂતો હાલ પોતાની મગફળી ઓપન માર્કેટમાં વેચવાની જગ્યાએ ટેકાના ભાવે સરકારને વેચી રહ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષથી ખેડૂતોને ટેકાના ભાવ કરતા ઓપન માર્કેટમાં સારા ભાવ મળતા હતા. જેના કારણે ખેડૂતો પોતાની મગફળી ટેકાના ભાવે નહીં વેચીને ઓપન માર્કેટમાં વેચતા હતા. પરંતુ ચાલુ વર્ષે ટ્રેન્ડ બદલાયો છે જેના કારણે ખેડૂતો પોતાની મગફળી ટેકાના ભાવે વહેંચી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ઓગસ્ટ, સપ્ટેમ્બર, તેમજ ઓક્ટોબર મહિનામાં સતત વરસાદ વરસતા મગફળી સહિતના પાકોમાં નુકસાન પહોંચ્યું હતું. જેની અસર પણ ખેડૂતોને હાલ મગફળીના ભાવમાં જોવા મળી રહી છે. ચાલુ



વર્ષે સરકારના નિયમ મુજબ એક બારદાનમાં ૩૬ કિલો મગફળીની ભરતી હોવી જરૂરી છે. તેમજ ૨૦૦ ગ્રામ મગફળીમાં ૧૪૦ ગ્રામ દાણા નીકળવા જોઈએ. સરકાર દ્વારા વધુમાં વધુ બે હેક્ટર ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોએ જણાવ્યું હતું કે આ વખતે રાજ્ય સરકારના સારા એવા ભાવ મળી રહ્યા છે અને તેમની પદ્ધતિ પણ ખૂબ સારી છે. જેમના કારણે આજે અમે મગફળી ઓપન માર્કેટ કરતા રાજ્ય સરકારે નક્કી કરેલા ભાવ અને વધુ મળી રહ્યા છે. આ વખતે રાજ્ય સરકારે પ્રોસેસ પણ સરળ કરી હતી તેમના કારણે અમને ઘણો બધો ફાયદો પણ થયો છે. રજીસ્ટ્રેશન કરાવવામાં પણ અમને ઘણી બધી સરળતા પડી છે.

# મોરબી રોડ પર ઝાડ કાપતી વેળાએ વૃદ્ધને થઈ ગંભીર ઈજા

## દુકાન ઉપરનું ઝાડ નડી રહ્યું હોય તેને કાપવા ઉપર ચડ્યાને કટર હાથમાંથી છટકતાં આંખ-મોઢા ઉપર ગંભીર ઈજાઓ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબી રોડ પર એક વૃદ્ધ ઝાડ કાપવાના ચક્કરમાં શરીરે ગંભીર ઈજાઓ કરી બેસતાં તેમનું રેસ્ક્યુ કરીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

મોરબી રોડ બ્રિજ નીચે ઓમ પાર્ક મેઈન રોડ પર દુકાન ધરાવતાં વિજયભાઈ રમણીકભાઈ તન્ના (ઉ.વ.૫૮, રહે.માધાપર) પોતાની દુકાન ઉપર નડતરરૂપ ઝાડની ડાળી કાપવા માટે પોતાની રીતે જ ચડયા હતા. આ પછી ડાળી કાપવાનો પ્રયત્ન કરતા હાથમાંથી કટર છટકી જઈને તે સીધું તેમની આંખ અને મોઢા ઉપર લાગી જતાં લોહીલુહાણ થઈ ગયા હતા. આ પછી



એ જ હાલતમાં વિજયભાઈ પંદર મિનિટ સુધી ઝાડ પર લટકી રહ્યા હતા ત્યારબાદ ત્યાંથી બાઈકચાલક પસાર થતાં તેના ધ્યાન પર આ ઘટના આવી હતી જેથી તેણે તુરંત ફાયરબ્રિગેડને ફોન કરતાં સ્ટેશન ઓફિસર રહીમ જોબન સહિતના જવાનોએ દોડી જઈને વિજયભાઈને સુરક્ષિત રીતે નીચે ઉતારી ૧૦૮ મારફતે સરકારી હોસ્પિટલે ખસેડયા હતા. જાણવા મળ્યા પ્રમાણે વિજયભાઈને આંખમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. એકંદરે આ ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થઈ જવા પામ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# યુપીના ટ્રક ડ્રાઈવરને માળીયાના હરિપર પાસે બસચાલક સાથે ડખ્ખો થતાં મારથી બચવા પૂલ પરથી કૂધોઃ મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માળીયા મિયાણાના હરિપર નજીક રેલ્વે ઓવરબ્રીજ પર યુપીના ટ્રકચાલક યુવાનને એક બસવાળા સાથે કાવો મારવા મામલે માથાકુટ થતાં તેની સાથે મારકુટ થઈ હતી. બાદમાં તે વધુ મારથી બચવા માટે પૂલ પરથી કુદી જતાં તેને ગંભીર ઈજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.

જાણવા મળ્યા મુજબ ઉત્તરપ્રદેશના સરહાનપુરમાં રહેતો શાહબાઝ હારીઝભાઈ ચૌધરી (ઉ.વ.૨૮) શની રવિની રાતે બે વાગ્યે ટ્રકમાં બીજા ડ્રાઈવર સાથે ગાંધીધામ જઈ રહ્યો હતો ત્યારે માળીયા મિયાણાના કંડલા હાઈવે પર હરિપર રેલ્વે ઓવર બ્રીજ પાસે પહોંચ્યો ત્યારે પૂલ પરથી નીચે પડી જતાં ગંભીર ઈજા થતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ગત સાંજે દમ તોડી દીધો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, જયદિપસિંહ જાડેજા, ભાવેશભાઈ, ધર્મેન્દ્રભાઈ, તૌફિકભાઈએ માળીયા મિયાણા પોલીસને કરી હતી. શાહબાઝ ત્રણ બહેન અને ચાર ભાઈમાં નાનો તથા કુંવારો હતો અને ટ્રક ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. તેના ભાઈએ ટેલીફોનીક વાતચીતમાં વિગતો આપી હતી કે મારો ભાઈ શાહબાઝ અન્ય ડ્રાઈવર ગુલશન સાથે ટ્રક લઈને ગાંધીધામ જતો હતો ત્યારે માળીયા મિયાણાના હરપિર પાસે એક બસને કાવો મારવા મામલે બસ ચાલક સાથે બોલાચાલી થઈ હતી. તે વખતે બે ત્રણ જણાએ તેની ધોલધપાટ કરી



હતી. આથી તે ગભરાઈ ગયો હતો. એ દરમિયાન બસવાળા સાથે બીજા કેટલાક શખ્સો પણ સામેલ થતાં વધુ મારની બીકે તે મારથી બચવા પૂલ પરથી કુદી ગયો હતો. તેને એમ હતું કે પૂલની ઉંડાઈ બહુ નહિ હોય. પણ ઉંડાઈ વધારે હોઈ તેને ગંભીર ઈજા થતાં સાથેના ડ્રાઈવર ગુલશને તેને સારવાર માટે ખસેડયો હતો. પરંતુ મૃત્યુ થયું હતું. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# મમ્મી મને માફ કરી દેજો, મને ડોક્ટર બનવાવવાના તમારા સપનાને પુરા નહિ કરી શકુંઃ ચિઠ્ઠી લખી છાત્રાનો આપઘાત

## ૧૫૦ રીંગ રોડ અયોધ્યા ચોક ઓસ્કાર રેસિડેન્સીમાં ૧૭ વર્ષની ધો–૧૨ની છાત્રાએ ગળાફાંસો ખાઇ જિંદગી ટુંકાવી લીધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મમ્મી મને માફ કરી દેજો, હું તમારા ડોક્ટર બનવાના સપના પુરા નહિ કરી શકુંથ...આ પ્રકારની સ્યુસાઇડ નોટ લખી ધોરણ-૧૨ સાયન્સમાં ભણતી છાત્રાએ નાપાસ થવાની બીકે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. શહેરના દોઢસો ફુટ રીંગ રોડ અયોધ્યા ચોકમાં નેત્રમ હોસ્પિટલવાળી શેરીમાં ઓસ્કાર રેસિડેન્સીમાં આ બનાવ બન્યો છે.

જાણવા મળ્યા મુજબ ઓસ્કાર રેસીડેન્સીમાં રરહેતી અને મોદી સ્કૂલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી માહી આલોકભાઇ મલકાણ (ઉ.વ.૧૭)એ રાત્રે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, જયદિપસિંહ જાડેજા, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ સહિતે કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ એન. જે. મસાકપુત્રા અને રાઇટર જયશ્રીબેને હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર માહી માતા-પિતાની એકની એક દિકરી હતી અને વી. જે. મોદી સ્કૂલમાં ધોરણ-૧૨ સાયન્સમાં ભણતી હતી. તેને અભ્યાસ બાદ ડોક્ટર બનવાની ઇચ્છા હતી. તેના પિતા વેપાર કરે છે. ગત સાંજે માતા-પિતા સહિતના બહાર ગયા હતાં અને બહારથી રાતે દસેક વાગ્યે ઘરે આવ્યા ત્યારે દરવાજો



અંદરથી બંધ હોઇ ઇન્ટર લોકો ખોલીને જોતાં દિકરી લટકતી મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. માહીને બેભાન હાલતમાં નીચે ઉતારી તુરત જ સિવિલ હોસ્પિટલે ખસેડાઇ હતી. પરંતુ ટુંકી સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

પોલીસે વધુ તપાસ કરતાં એવી વિગતો ખુલી હતી કે આપઘાત પુર્વે માહીએ સાતેક લીટીની એક સ્યુસાઇડ નોટ લખી હતી. જેમાં તેણીએ મમ્મી મને માફ કરી દેજો, હું તમારા ડોક્ટર બનવાના સપના પુરા નહિ કરી શકું!...તે પ્રકારનું લખાણ હતું. અભ્યાસમાં ટેન્શનને કારણે થોડી ડિપ્રેશનમાં આવી જતાં નાપાસ થશે અને ડોક્ટર નહિ બની શકે તેવું લાગતાં આ પગલુ ભર્યાની પ્રાથમિક વિગતો ખુલી છે. લાડકવાયી આશાસ્પદ દિકરી ગુમાવનારા પરિવારજનો ઉંડા આઘાતમાં ગરક થઇ ગયા છે.

## રાજલક્ષ્મી સોસાયટીનાં બંધ મકાનમાંથી રૂા.૧.૮૭ લાખની ચોરી

કોઠારીયા રોડ ઉપર રાજલક્ષ્મી સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા વેપારીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૧.૮૭ લાખના દાગીનાની ચોરી થયાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આ અંગ મળતી વિગત મુજબ રાજકોટના કોઠારીયા રોડ ઉપર રાજલક્ષ્મી સોસાયટી શેરી નંબર ૧૨માં હરેશભાઈ સંઘાણીના મકાનમાં ભાડે રહેતા વેપારી હર્ષદભાઈ વિનુભાઈ સોરઠીયાએ ભક્તિનગર પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. વેપારી હર્ષદભાઈ સોરઠીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તા. ૩થી ૫ નવેમ્બર દરમિયાન બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી લાકડાના કબાટમાંથી અજાણ્યા શખ્સો રૂ.૧.૮૭ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી ગયા હતા.

# ગારીડા ગામે ઢગાનો સગીરા પર નિર્લજજ હુમલો

## દીવાલ કૂદી ઢગો ઘરમાં ઘૂસી ગયોઃ સગીરા તાબે ના થતા મારી નાખવાની ધમકી આપી હુમલો કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ગારીડા ગામે રહેતા ખેડૂત પરિવારની બારમા ધોરણમાં અભ્યાસ કરતી સગીરા ઘરે હતી ત્યારે તેના જ ગામમાં રહેતો વિકલ્પ તેના ઘરની દિવાલ કૂદીને ઘરમાં ઘૂસી આવ્યો હતો. અને સગીરા પર નિર્લજજ હુમલો કર્યો હતો. આ ઘટના પાડોશી જોઈ જતા ઢગો ભાગી ગયો હતો અને ત્યારબાદ પરિવારે એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ મામલે સગીરાની માતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હુ તથા મારી દીકરીઓ અને મારો દીકરો તથા મારા પતી બધા લોકો અમારા ખેતરે ઘઉંનુ વાવેતર કરવાનુ હોય જેથી ત્યાં ગયા હતા. અને ધોરણ ૧૨ મા અભ્યાસ કરતી મારી પુત્રી અભ્યાસ કરવા અર્થે ઘરે એકલી રોકાયેલ હતી. અને બાદમા બારેક વાગ્યાના અરસામા મારા કૌટુંબીક કાકાજી સસરા કે જે અમારા ઘરની સામેજ રહે છે તેનો મારા પતિમાં ફોન આવેલ અને વાત કરેલ કે આપણા ગામના મહેશભાઈ ગૌરીદાસભાઈ બાવાજીએ તમારી દીકરી ઘરે એકલી હતી ત્યારે તેની છેડતી કરેલ છે. તેમ વાત કરતા હુ તથા મારા પતી તથા અમે લોકો અમારા ઘરે પાછા આવેલા અને મારી દીકરીને આવીને પુછેલ તો તેણીએ જણાવેલ કે, હુ ઘરે એકલી હતી અને લેશન કરતી હતી.તે વખતે આપણા ગામનો મહેશ ગૌરીદાસભાઈ બાવાજી આપણા ઘરની પાછળની દીવાલ ખાતે આવેલ બારણા મારફતે ઘરમા પ્રવેશી અને મારી પાસે આવી મારી પાસે બીભસ્ત માંગણીઓ કરવા લાગેલ



જેથી મે તેને ના પાડતા તે મને ગાળો આપવા લાગેલ અને અચાનક મારો હાથ પકડી મને તેના તરફ ખેચવા લાગેલ અને મારી ઉપર નિર્લજજ હુમલો કરેલ જેથી હુ ગભરાઈ જતા હુ રાડો પાડવા નિર્લજજ આ મહેશે મને કહેલ કે અવાજ કરમાં નકર તને હુ જાનથી મારી નાખીશ બાદમા ત્યા આપણી બાજુમા રહેતા કાકા આવી ગયેલ અને તેને આ મહેશ જોઈ જતા તુરત જ દોડીને પાછળના દરવાજેથી ભાગી ગયેલા હતો. જેથી આ મામલે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી મહેશની શોધખોળ કરી છે.

# રાજકોટની સગર્ભાનું પાણી ભરતી વખતે એકાએક ઢળી પડયા બાદ મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મવડી ચોકડી પાસે વિશ્વેશ્વર સોસાયટીમાં રહેતી મનિષાબેન ગોપાલભાઈ સોલંકી (ઉ.વ.૨૭) નામની સગર્ભા ભેંસાણના ઢોળવા ગામે સાસુ-સસરાના ઘરે હતી ત્યારે પાણી ભરતી વખતે એકાએક બેભાન થઈ ઢળી પડતાં જેતપુર હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ ત્યાં દમ તોડી દેતાં પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો.

જાણવા મળ્યા મુજબ મવડી ચોકડી વિશ્વેશ્વર સોસાયટીમાં રહેતી મનિષાબેનને હાલ સારા દિવસો જઈ રહ્યા હતાં અને પેટમાં પાંચ માસનો ગર્ભ હતો. તે ત્રણેક દિવસ પહેલા ઢોળવા ગામે સાસુ-સસરા રહેતાં હોઈ તયાં આટો દેવા ગઈ હતી. ગઈકાલે સાંજે સાડા ચારેક વાગ્યે પાણી ભરતી હતી ત્યારે એકાએક



ઢળી પડી હતી. બેભાન હાલતમાં જેતપુર સંજીવની હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ ત્યાં તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

તેણીના લગ્ન આઠ વર્ષ પહેલા થયા હતાં. અગાઉ એક પુત્ર અને એક પુત્રીની પ્રાપ્તિ થઈ હતી. હાલમાં ત્રીજુ સંતાન ગર્ભમાં ઉછરી રહ્યું હતું. પતિ ગોપાલ સોલંકી શાકભાજી વેંચી ગુજરાન ચલાવે છે. હાર્ટએટેક આવી ગયાની શક્યતા પરિવારજનોએ જણાવી હતી. જો કે પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ યથાવત રાખી હતી.

# રોહિદાસપરામા ગેરકાયદેસર ધમધમતું કતલખાનું ઝડપાયું

## ઝડપાયેલા શખ્સ વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરીઃ મકાનમાંથી છ પાડા અને એક પાડી બાંધેલી હાલતમાં મળ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના મોરબી રોડ પર આવેલા રોહિદાસપરામાં મકાનમાં ચાલતુ ગેરકાયદે કતલખાનું પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયું હતું. પોલીસે મકાનમાં તપાસ કરતાં અંદર છ પાડા અને એક પાડી બાંધેલી હાલતમાં મળ્યા હતાં. ઝડપાયેલા શખ્સ વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી શહેરના મોરબી રોડ પર આવેલા રોહિદાસપરામાં આવેલા મકાનમાં ગેરકાયદે કતલખાનુ ચાલતું હોવાની બાતમી મળતા બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એસ.એસ. રાણેની રાહબરીમાં ટીમે દરોડો પાડયો હતો. દરોડા દરમીયા પોલીસે મકાનમાં તપાસ



કરતાં અંદર છ પાડા અને એક પાડી બાંધેલી હાલતમાં મળ્યા હતાં. પોલીસે સિકંદર જીવાભાઈ સોરાણી (ઉ.વ.૩૪, રહે રોહીદાસ પરા મેઈન રોડ) સામે કાર્યવાહી કરી હતી. રોહિદાસ પરામાં મકાનમાં ગેરકાયદે કતલખાનુ ચાલતુ હોવાની માહિતીના આધારે બી.ડીવીઝન પોલીસે તપાસ કરતા ત્યાંથી છ પાડા અને એક પાડી બાંધેલી હાલતમાં તેમજ વજનકાંટો અને છરો મળી આવ્યો હતો. પોલીસે ત્યાં હાજર આરોપી સિકંદર પાસે પોલીસે કતલખાનું ચલાવવા અંગેના કાગળો માંગતા નહી હોવાનું કહેતા તેની સામે ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડમાં વિશ્વહિન્દુ પરિષદમાં પ્રમુખ પર હીચકારો હુમલો

## કાલાવડમાં વીએચપીના પ્રમુખ પર ૩ વિધર્મી શખસોનો હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ઉપર ૩ વિધર્મી શખસોએ બાઈક અથડાતાં રૂ.૨૦ હજારની માંગણી કરીને હુમલો કરતાં હ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં વી.એચ.પી.ની ટીમ હોસ્પિટલ ખાતે પહોંચી ગઈ હતી.




કાલાવડમાં સીનેમા રોડ ઉપર રહેતા અને વિશ્વ હિન્દુ પરિષદ- કાલાવડના અધ્યક્ષ રમેશભાઈ દોંગા અને તેમના ભાઈ હસમુખભાઈ આજે બપોરના સમયે પોતાની વાડીએ બાઈક લઈને જતાં હતાં. ત્યારે વાડી નજીક વિધર્મીના બાઈક સાથે અથડાયું હતું. જેથી વિધર્મીનું ટોળુ એકઠું થઈ ગયું હતું અને રૂ.૨૦ હજારની માંગણી કરીને ત્રણ અજાણ્યા વિધર્મીઓએ હુમલો કર્યો હતો. જેમાં વીએચપીના પ્રમુખ રમેશભાઈ દોંગાને છાતીના ભાગે તેમજ શરીરે મુંઢ ઈજા પહોંચતા સારવાર માટે જામનગરની જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં વિશ્વ હિન્દુ પરિષદની ટીમો પહોંચી ગઈ હતી. આ બનાવ અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

# લક્ષ્મીવાડીમાં ટ્રાવેલ્સ એજન્ટને પિતરાઈ બંધુએ ફોનમાં ધમકી આપી કારમાં કરી તોડફોડ

## ધમકી આપી ૪૦ હજારનું નુકસાન કરનાર બંને શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લક્ષ્મીવાડી શેરી નંબર ૭/૧૧ કોર્નર પર શ્રીકૃષ્ણ નિવાસ મકાનમાં રહેતા અને લક્ષ્મીવાડી મેઈન રોડ ઉપર બલદેવ નામની ઓફિસમાં ટ્રાવેલ બુકિંગનુ કામ કરતા યુવાનને પિતરાઈ બંધુએ ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપી કારના કાચ તોડી રૂ.૪૦ હજારનું નુકશાન કર્યાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.



આ અંગે મળતી વિગત મુજબ લક્ષ્મીવાડી શેરી નંબર ૭/૧૧ કોર્નર પર શ્રીકૃષ્ણ નિવાસ મકાનમાં રહેતા અને લક્ષ્મીવાડી મેઈન રોડ ઉપર બલદેવ નામની ઓફિસમાં ટ્રાવેલ બુકિંગનુ કામ કરતા ૩૨ વર્ષિય સજયરાજસિંહ મહેન્દ્રસિંહ ઝાલાએ ભક્તિનગર પોલીસ મથકમાં કાકાના પુત્ર જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા અને જયવીરસિંહ પરેશભાઈ ઝાલા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેઓએ જણાવ્યું છે કે, ગત તા. ૩૧ ઓક્ટોબરથી ૨ નવેમ્બર દરમિયાન વેરાવળ ગયો હતો.

ત્યારે તા. ૨ નવેમ્બરના રાત્રે કાકાના દીકરા જયદીપસિંહ ઝાલાનો ફોન આવ્યો હતો અને ફોન ઉપર ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન ૩૧ ઓક્ટોબરના ઘર પાસે પાર્કિંગમાં પડેલી કારમાં બન્ને પિતરાઈ ભાઈઓએ તોડફોડ કરી નુકસાન પહોંચાડયું હતું. લાકડાના ધોકા વડે કારના કાચ તોડી રૂ.૪૦,૦૦૦નું નુકસાન પહોંચાડયું હતું. આ અંગે સંજયરાજસિંહ મહેન્દ્રસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદના આધારે ભકિતનગર પોલીસ મથકના પીએસઆઈ પી.એસ. ગોહિલ સહિતના સ્ટાફે કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# મહિલા એકટીવામાં પર્સ રાખીને બહેનપણીના ઘરમાં જતા તસ્કર ઉઠાવી ગયો

દેવપરામાં રહેતા મહિલા પર્ણકુટી વિસ્તારમાં રહેતી બહેનપણીના ઘરે ગયા હતા.ત્યારે એક્ટિવામાં તેમને પોતાનું પાકીટ ટીંગાડ્યું હતું.અને ઘરમાં બેસીને થોડી વાર બાદ બહાર આવતા પાકીટ કોઈ તસ્કર તફડાવી ગયાનું માલૂમ પડતાં માલવિયા નગર પોલીસમાં રૂ.૫૪ હજારની મતા ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલા દેવપરામાં રહેતા અને કટલેરીનો વેપાર કરતાં પ્રિતેશભાઈ કોટકએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની પત્ની ફોરમ સાથે તેઓ પર્ણકટી તેઓ પર્ણકુટી વિસ્તારમાંશ્રી કોલોની શેરી નંબર-૧માં રહેતી રેણુકા નામની બહેનપણીના ઘરે આંટો મારવા ગયા હતા.ત્યારે બહાર પાર્ક કરેલા એક્ટિવામાં ફોરમબેને પોતાનું પાકીટ ટીંગાડયુ હતું.જેમાં રોકડ, સોના-ચાંદીના ઘરેણા અને મોબાઈલ મળી રૂ.૫૪ હજારની મતા હતી.ઘરમાં બેસીને બહાર આવ્યા ત્યારે એક્ટિવામાં પાકીટ જોવા મળ્યું ન હતું.જેથી પાકીટ કોઈ અજાણ્યો તસ્કર તફડાવી ગયાનું માલુમ પડતા માલવિયા નગર પોલીસમાં ચોરીની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એસ.એસ.સિંધીએ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# જારીયા ગામે માતાજીના જમણવારમાં છાસ આપવા બાબતે મહિલા પર આઠ શખસોનો નિર્લજ્જ હુમલો

ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા કેટરર્સ સંચાલક જારીયા ગામે ખોડિયાર માતાજીનો જમણવારમાં કેટરર્સનું કામ મળ્યું હોવાથી તેમના લેડીસ સ્ટાફ સાથે ગયા હતા ત્યારે આઠ શખસોએ છાસ આપવા બાબતે ઝગડો કરી મહિલા અને સંચાલક પર નિર્લજ્જ હુમલો કરી ધમાલ મચાવતા પોલીસે ગુનો નોંધ્યો છે. વિગત મુજબ જંગલેશ્વર મેઈન રોડ પર રહેતા અને અલ્પાબેન રઘુભાઈ જજવાડીયા નામના મહિલાએ યોગી થતા અજાણ્યા સાત શખસો સામે કુવાડવા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૧૪ વર્ષથી કેટરર્સનુ કામ કરતા લલિતભાઈ ખૂંટને ત્યાં કેટરર્સનું કામ કાજ કરવા માટે જાય છે. ગત તા. ૯ના તેઓ જારીયા ગામે ખોડિયાર માતાજીનો જમણવાર હોવાથી ત્યાં લલિતભાઈએ કેટરર્સનુ કામ રાખ્યું હોવાથી તેઓ ત્યાં ગયા હતા. ત્યારે આરોપીઓએ છાસ આપવા બાબતે ઝગડો કરીને મહિલા પર નિર્લજ્જ હુમલો કર્યો હતો. અને વચ્ચે પડેલા લાલિતભાઈને પણ માર માર્યો હતો. ઉપરાંત તેમનો સોનાનો ચેન અને વીં ટી તોડી નાખી હતી.જેથી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# લલુડી વોકળી પાસેથી સ્કૂટરની ચોરી કરનાર તસ્કર ઝડપાયો



રાજકોટમાં એક માસ પૂર્વે કેનાલ રોડ પર લલુડી વોકળી પાસેથી સ્કૂટરની ચોરી કરી ગોંડલ કોલેજ ચોકમાં રેઢુ મૂકી નાસી છૂટેલા તસ્કરને પોલીસે ફરિયાદ નોંધાયાના ૨૦ દિવસમાં ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે કોઠારીયા રોડ ઉપર રહેતા સમીર કરીમભાઈ મીરને ઝડપી પાડ્યો છે. જેની પાસેથી પોલીસે રૂ. ૨૦,૦૦૦ અને રૂ. ૫,૦૦૦ એમ કુલ ૨ મોબાઈલ કબજે કર્યા છે. આજથી ૨૦ દિવસ પહેલાં આ શખ્સે જુના મોરબી રોડ ઉપરથી કાળા કલરનુ એક એક્ટિવા ચોરી ગોંડલ બ્રિજ પર રેઢું મૂકી દીધું હતું. ઉપરાંત એક માસ પહેલા કેનાલ રોડ પર લલુડી વોકળી પાસેથી એક્ટિવા ચોરી કરી થોડા દિવસ ઉપયોગ કરી ગોંડલ કોલેજચોકમાં રેઢું મૂકી દીધું હતું. જે આરોપીને પોલીસે બે મોબાઈલ સાથે પકડી પાડ્યો છે.

# શહેરમાં ત્રણ સ્થળે દેશી-વિદેશી દારૂના બુટલેગરો પોલીસની ઝપટે ચડ્યા



દિવાળીના તહેવાર પૂર્ણ થતાંની સાથે જ બૂટલેગરો મેદાને ઉતરી પડયા હોય તેવી રીતે દેશી-વિદેશી દારૂની ખેપ મારવા લાગ્યા છે. જો કે પોલીસ દ્વારા તેમના ઈરાદા ઉપર પાણીઢોળ કરવામાં આવી રહ્યો છે. આવા જ દેશી-વિદેશી દારૂના જથ્થા સાથે ચાર બૂટલેગરને પીસીબીએ પકડી પાડ્યા હતા. પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ. આર. ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ ટીમે અંકુરનગર મેઈન રોડ પર ન્યુ ગોપાલ પાર્ક શેરી નં.૧માં દરોડો પાડી સની ધર્મેશભાઈ પરમારને વિદેશી દારૂના ૧૪૪ ચપલા સાથે પકડી પાડ્યો હતો જ્યારે હિરેન ઉર્ફે હેરી અરવિંદભાઈ પરમાર અને મયુર ખેંગારભાઈ ખીંટ ફરાર થઈ જતાં તેની શોધખોળ આદરી છે. આ ઉપરાંત ઓમનગર સર્કલ, સિટી બસ સ્ટેન્ડ સામે સંદીપ અનકભાઈ કરપડા (રહે. સાયલા)ને ૫૨૫ લીટર દેશી દારૂ ભરેલી કાર સાથે દબોચી લેવાયો હતો તો જામનગર રોડથી પરાપીપળીયા ગામ તરફ જતા રોડ ઉપરથી દેવજી મોહન જખાણીયાને ૧૦૦ લીટર દેશી સાથે પકડી લેવામાં આવ્યો હતો.

# શેર બજારમાં સારૂ વળતર આપવાની લાલચમાં વકિલે ગુમાવ્યા રૂા.૧૦ લાખ

## શેર બજારમાં રોકાણ કરવાથી સારૂ વળતર મળશે કહી ભાઈ-બહેને રૂ.૧૦ લાખ પડાવી રકમ કે વળતર ન આપી વકીલ સાથે છેતરપિંડી કરી

કે.કે.વી હોલ નજીક સેટ્રોસા રોયલ એપાર્ટમેન્ટમાં રહેતા અને વકીલાત કરતા સંજય ધીરૂભાઈ ભેસાણીયાએ યુનિ.પોલીસમાં ગાંધીગ્રામ અક્ષરનગરમાં રહેતા કલ્પેશ પ્રધુમનભાઈ ત્રિવેદી અને અલ્પાબેન અમીતભાઈ ત્રિવેદી બન્ને ભાઈ- બહેને શેર બજારમાં રોકાણ કરવાથી સારૂ વળતર મળશે તેમ કહી રૂ.૧૦ લાખ વળતર સાથે રૂ.૧૪.૮૦ લાખ પરત ન આપી ઓળવી ગયાની ફરિયાદ નોંધાવી છે જેમાં વર્ષ ૨૦૨૨માં તેઓને બ્લુ ફાઈનકેર એલએલપી કંપનીમાંથી ફોન આવ્યો અને શેરબજારમાં પૈસા રોકાણ કરવા બાબતે વાત કરેલ જેથી તેઓએ તેની ઓફીસે રૂબરૂ આવી સમજાવવા આવવાની વાત કરેલ હતી બાદમાં ત્રણ દિવસ પછી કંપનીમાંથી મનિષ નિરંજનભાઈ ટેવાણી નામનો માણસ પૈસા રોકાણ કરવાનું સમજાવેલ હતું અને તેઓએ અન્ય કોઈના પૈસા રોકાણ કરવા એગ્રીમેન્ટ કરેલ હોય તે બતાવો અને તેઓ કંપનીના ઓર્નરને મળવા માગું છું તેમ વાત થયેલ હતી અને ત્રણ દિવસ પછી કલ્પેશ અને મનિષ એગ્રીમેન્ટ લઈ તેઓની ઓફિસે આવ્યા હતા અને કલ્પેશે તેઓને ઓર્નર તરીકે ઓળખાણ આપી સારૂ વળતર મળશે તેવી બાહેધરી આપેલ હતી બાદમાં તેઓ તેની આફિસે મળવા ગયા ત્યારે રૂ.૧૦ લાખનું રોકાણ કરવાની વાત કરી હતી. અને રૂ.૫ લાખના બે ચેકો આપી શેર બજારમાં પૈસાનું રોકાણ કરવા રૂ.૧૦ લાખ આપેલ હતા તેનુ નોટરાઈઝ લખાણ સમજુતી કરાર કરાવેલ હતો અને કરાર મુજબ રોકાણ કરેલ પૈસા તથા મુડી વળતર રકમ રૂ.૪.૮૦ મળી રૂ.૧૪.૮૦ લાખ પરત આપી ભાઈ-બહેન ઓળવી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધાયો.

# કાળીપાટ ગામે બિમારીથી કંટાળી વૃદ્ધનો આપઘાત : અરેરાટી

કાળીપાટ ગામે ૧ રહેતા વૃદ્ધે આર્થિકભીસ અને પગના – દુખાવાથી કંટાળી ગળેફાંસો ખાઈ – આપવાત કરી લીધો હતો. વૃદ્ધના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે મળતી વિગત મુજબ શહેરની ભાગોળે ભાવનગર રોડ ઉપર – આવેલા કાળીપાટ ગામે રહેતા નામના ૬૬ વર્ષના વૃદ્ધ પોતાના ઘર હતા ત્યારે એકાદ વાગ્યાના અરસામાં – પંખાના પાઈપમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વૃદ્ધના મોતથી પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ જાણવા તાત્કાલિક દોડી ગયો હતો. અને વૃદ્ધના મૃતદેહને પોસ્ટ માટે મેડિકલ ખાતે પોલો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક વિઠ્ઠલભાઈ કાલાવડના લક્ષ્મીપુર ગામમાં બિમારીથી ત્રસ્ત મકવાણા શ્રમિક યુવાને ચાર ભાઈમાં નાના હતા. આઈમાંખાના સાતમમાં જીવન ટૂંકાવ્યું. એક પુત્ર અને એક પુત્રી છે. વિઠ્ઠલભાઈ મકવાણાનું બે વર્ષ પહેલા બાઈક અકસ્માતના કારણે પગમાં ઓપરેશન આવ્યું હતું. જે પગના દુખાવાથી અને આર્થિકભીં વાડીમાં કરતા મૂળ સોનાભાઈ શ્રમિક સથી કંટાળી વિઠ્ઠલભાઈ મકવાણાએ પગલું ભર્યું હોવાનું મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસ મથકના એએસઆઈ એસ.આર. ચુડાસમા સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.